પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૭૬ | ૬ સપ્ટેમ્બર, ૨૦૧૯, શુક્રવાર; ભાદરવા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વાપીમાં આભ ફાટ્યું : ૧૨ ઈંચ વરસાદ

**વાપીમાં ભારે વરસાદથી જળબંબાકાર : પારડીમાં ૯.૫ ઈંચ વરસાદ ખાબક્યો : ખેડૂતોમાં ખુશીની લાગણી : સૌરાષ્ટ્ર પંથકમાં પણ સારો એવો વરસાદ, તાલાલામાં છ ઇંચથી વધુ વરસાદ લોકોના ઘરો-દુકાનોમાં વરસાદી પાણી : સિઝનનો ૧૦૩ ટકાથી વધુ વરસાદ**

અમદાવાદ,તા. ૫

હવામાન ખાતાની આગાહી મુજબ, આજે પણ અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ઘણાખરા વિસ્તારોમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના પંથકોમાં સારો એવો વરસાદ વરસ્યો હતો. જો કે, સૌથી વધુ વરસાદ વલસાડ જિલ્લાના વાપી ખાતે ૧૨ ઈંચથી વધુ સાથે જાણે કે આભ ફાટયુ હતુ અને તેના કારણે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. જયારે પારડીમાં દસ ઈંચથી વધુ મેઘો ખાબકયો હતો. આટલા ભારે વરસાદના કારણે આ પંથકોમાં મોટાભાગના વિસ્તારો, માર્ગો, રસ્તાઓ, કોઝ વે પાણીમાં ગરકાવ બન્યા હતા. તો, સ્થાનિક નદી-નાળામાં નવા નીરની સારી એવી આવક થઈ હતી. વલસાડ જિલ્લામાં ચાલુ વર્ષે ૧૦૦ ટકાને આંબી ગયેલા વરસાદના કારણે ખેડૂતો હાલ તો ચિંતામુક્ત છે. નદી, નાળા, ચેકડેમો સિંચાઈની સુવિધાઓ માટેની સમસ્યા દૂર થઈ જાય તેવો માફકસર વરસાદ પડ્યો છે.જૂલાઈના મધ્યેથી વરસાદ થંભી ગયા બાદ માસના અંત અને સપ્ટેમ્બરના પ્રારંભે ફરી

અનુસંધાન પાના - ૭ પર



## નર્મદાની સપાટી ૧૩૫.૬૫ મીટરે પહોંચી

**નર્મદા ડેમમાંથી ૪.૪૭ લાખ ક્યૂસેક પાણી છોડાયું**



અમદાવાદ,તા.૫

કેવડિયા ખાતે ઉપરવાસમાંથી ભારે આવકને પગલે છેલ્લા ૨૭ દિવસથી નર્મદા ડેમમાં સારી એવી નવા નીરની આવક થઈ રહી છે, જેના કારણે નર્મદા ડેમમાંથી સતત ઓવરફ્લો થઈ રહ્યો છે. નર્મદા ડેમમાં વરસાદી પાણી અને ઉપરવાસના કારણે નવા નીરની આવક વધતાં ડેમની સપાટી ૧૩૫.૬૫ મીટરે પહોંચતાં ડેમની જળસપાટી ફરી એકવાર વધી હતી. તો, પાણીની જળસપાટી વધતાં અને સતત ઓવરફ્લોને કારણે ડેમના તમામ પાવર હાઉસ ધમધમતા બન્યા છે. ઉપરવાસમાં ભારે વરસાદને પગલે સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી ડેમમાંથી હાલ ૫,૩૪,૨૭૧ ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે, જેને પગલે ડેમના ૨૧ દરવાજા ખોલીને ૪,૪૭,૪૦૦ ક્યૂસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે. હાલ ડેમની સપાટ ૧૩૫.૬૫ મીટર ઉપર પહોંચી છે. નર્મદા ડેમમાંથી મોટી માત્રામાં પાણી છોડવામાં આવતા કેવડિયાનો ગોરા બ્રિજ ફરી પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. જેથી ગોરા બ્રિજ પરનો વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. નર્મદા ડેમમાં હાલ ૪૮૦૩.૨૦ એમસીએમ લાઈવ સ્ટોરેજ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. છેલ્લા ૨૭ દિવસથી સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. જેને પગલે ડેમમાંથી સતત ઓવરફ્લો થઈ રહ્યો છે અને તમામ પાવરહાઉસ પણ ધમધમી રહ્યા છે.

## અંકુશરેખા પર પાકિસ્તાને હજારો જવાનો ગોઠવ્યા

**૨૦૦૦થી વધુ જવાનો ગોઠવી દેવામાં આવ્યા : ભારત-પાકિસ્તાન વચ્ચે વધતી જતી તંગદિલી વચ્ચે મોટી સંખ્યામાં જવાનો તૈનાત : ભારતની સ્થિતિ પર બાજ નજર**

નવીદિલ્હી,તા.૫

જમ્મુ કાશ્મીરના મામલામાં વધી રહેલા ટેન્શન વચ્ચે પાકિસ્તાનો અંકુશરેખા અને આસપાસના વિસ્તારોમાં ભારત માટે વધુ મુશ્કેલી ઉભી કરવાની તૈયારી કરી લીધી છે. પાકિસ્તાને અંકુશરેખા ઉપર વધુ એક બ્રિગેડની તૈનાતી કરી દીધી છે. આ જવાનોને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં એલઓસીના બાગ અને પોટલી સેક્ટરોની નજીક ગોઠવવામાં આવ્યા છે. તેમને પાકિસ્તાની સેનાએ હાલમાં આક્રમક મોરચા ઉપર તૈનાત કર્યા છે. ભારતીય સેનાના સુત્રોના કહેવા મુજબ પાકિસ્તાને એલઓસીની ૩૦ કિલોમીટરની હદમાં આ સૈનિકોની તૈનાતી કરી દીધી છે. એમ માનવામાં આવે છે કે, હાલમાં પાકિસ્તાને આ જવાનોને અગ્રિમ મોરચા ઉપર તૈનાત કર્યા છે.

તેમના ઉપર નજર પણ રાખવામાં આવી રહી છે. પાકિસ્તાની સેનાએ એવા સમયમાં મુવમેન્ટ વધારી છે જયારે સમગ્ર વિસ્તારમાં ખૂંખાર ત્રાસવાદી સંગઠન લશ્કરે તોઈબા અને જૈશના સ્થાનિક અને અફઘાન યુવાનોને આતંકવાદી તાલિમ આપવામાં આવી રહી છે. જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન ખુબ જ પરેશાન છે. ભારતીય સેનાના સુત્રોના કહેવા મુજબ આ વિસ્તારમાં પાકિસ્તાની સૈનિકોની સંખ્યા ૨૦૦૦ની આસપાસની છે. પાકિસ્તાની સેનાએ એવા સમયમાં એલઓસી પર જવાનોની સંખ્યામાં વધારો કરી દીધો છે જયારે તેઓ કાશ્મીરમાં ફરી એકવાર આતંકવાદને પ્રોત્સાહન આપવાની તૈયારી છે. આ ઉપરાંત પાકિસ્તાન દુનિયાભરનું ધ્યાન ખેંચવા માટે ઈચ્છુક છે.

### ન્યુઝ ટ્રેક

**મહેબૂબા મુફ્તીની પુત્રીને માતાને મળવાની મંજૂરી**

સુપ્રીમ કોર્ટે મેહબૂબા મુફતીની પુત્રીને શ્રીનગર જવાની અને તેમની માતા સાથે મળવાની મંજૂરી આપી દીધી છે. જમ્મુ-કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મેહબૂબા મુફતીની પુત્રી ઈલ્તિજાએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને તેમની સાથે મળવાની પરવાનગી માગી હતી.

**પાકિસ્તાનના 333 એકાઉન્ટ ટ્વિટરે સસ્પેન્ડ કર્યા**

કાશ્મીરમાં કલમ ૩૭૦ હટાવ્યા બાદ ટ્વિટરે અફવા ફેલાવતા ૩૩૩ એકાઉન્ટ બંધ કર્યા છે. પાકિસ્તાન સરકારે આ વાત સ્વીકારી અને કહ્યું કે આ બધા ૩૩૩ એકાઉન્ટ્સને ટ્વિટર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ભારતે ટ્વિટર પર ફરિયાદ કરી હતી કે આ પાકિસ્તાની ટ્વિટર જમ્મુ-કાશ્મીરને લઈને ખોટી અને ઉશ્કેરણીજનક વાતો ફેલાવવામાં આવી રહી છે.

## ચિદમ્બરમને તિહાર જેલમાં મોકલવા કોર્ટનો આદેશ

**ચિદમ્બરમને ૧૪ દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો કોર્ટનો આદેશ : ૧૯મી સપ્ટેમ્બર સુધી જેલમાં રહેવું પડશે : કપિલ સિબ્બલની દલીલો ફગાવી દેવાઈ**

નવી દિલ્હી,તા. ૫

પૂર્વ કેન્દ્રીયમંત્રી અને કોંગ્રેસના શક્તિશાળી નેતા પી ચિદમ્બરમની છુટી જવાની આશા ઉપર આજે પાણી ફરી વળ્યું હતું. કારણ કે, સુપ્રીમ કોર્ટે આઈએનએક્સ મિડિયા મની લોન્ડરિંગ કેસમાં ઈડીની ધરપકડની સામે વચગાળાની જામીન અરજીને ફગાવી દીધી હતી. મોડેથી ચિદમ્બરમને મોટો ફટકો પડ્યો હતો. જામીન અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ હજુ સુધી સીબીઆઈની કસ્ટડીમાં રહેલા ચિદમ્બરમને હવે તિહાર જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. દિલ્હીની કોર્ટે આજે આઈએનએક્સ મિડિયા મામલામાં પર્વ નાણામંત્રી ચિદમ્બરમને ૧૪ દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કર્યો હતો.



ચિદમ્બરમને હવે ૧૯મી સપ્ટેમ્બર સુધી તિહાર જેલમાં રહેવું પડશે. કોર્ટના આદેશ બાદ ચિદમ્બરમને તિહાર જેલમાં મોકલવામાં આવ્યા હતા. સ્પેશિયલ જજ અજયકુમારે ચિદમ્બરમના વકીલ કપિલ સિબ્બલ તરફથી એવી દલીલોને ફગાવી દીધી હતી કે તેમને અસીલને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવા જોઈએ. બે દિવસની સીબીઆઈ કસ્ટડી ખતમ થયા બાદ તપાસ સંસ્થાએ આજે

અનુસંધાન પાના - ૭ પર

## ભારત ૨૦૨૪ સુધી પાંચ ટ્રિલિયન ડૉલરની ઈકોનોમી બનશે : મોદી

**મલેશિયન અને જાપાનના વડાપ્રધાન શિન્ઝો સાથે જુદા જુદા વિષયો ઉપર વાતચીત : જાકિરના મુદ્દા પર બંને દેશો ચર્ચા જારી રાખશે**




નવીદિલ્હી,તા.૫

રશિયામાં ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમની બેઠકમાં ભાગ લેવા માટે પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મલેશિયા અને જાપાનના વડાપ્રધાન સાથે વિસ્તારપૂર્વક બેઠક કરી હતી. જેમાં દ્વિપક્ષીય સંબંધોને વધારે મજબુત કરવાના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. મોદીએ મલેશિયાના વડાપ્રધાન મહાતિર મોહમ્મદની સાથે જુદા જુદા વિષય પર વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન વિવાદાસ્પદ ઈસ્લામિક સ્કોલર જાકિર નાઈકના મુદ્દા મુદ્દા પર વાતચીત કરી હતી. જાકિર નાઈકના પ્રત્યાર્પણના મુદ્દા પર ખાસ ચર્ચા કરવામાં આવી હતી. બંને દેશો આ બાબત પર સહમત થયા હતા કે બંને દેશોના અધિકારી આ મુદ્દા પર સતત સંપર્કમાં રહેશે. જાપાનના વડાપ્રધાન શિન્જો આબેની સાથે પણ મોદીએ વાતચીત કરી હતી. ટુંક સમયમાં જ ભારતે સંરક્ષણ અને વિદેશી પ્રધાનો સાથે વાતચીત કરી હતી. રશિયાના બે દિવસના ઐતિહાસિક પ્રવાસ ઉપર પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિનની ઉપસ્થિતિમાં બંને દેશો વચ્ચે સંરક્ષણથી લઈને ગગનયાન સુધીના ૧૩ કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. રશિયામાં પોર્ટ ટાઉન

અનુસંધાન પાના - ૭ પર

## દેશનુ યુવાધન બેરોજગારીના ખપ્પરમાં

**આર્થિક મોરચે ટીકાનો સામનો કરતી મોદી સરકારને વધુ એક ઝટકો : બેરોજગારીનો દર ત્રણ વર્ષના ઉચ્ચતમ સ્તરે, ઓગષ્ટમાં બેરોજગારીનો દર ૮.૪ ટકા, દર સપ્તાહમાં બેરોજગારીનો દર ૮થી ૯ ટકા વચ્ચેઃ સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમીના રિપોર્ટમાં ખુલાસો**

ન્યુ દિલ્હી,તા.૫

જીડીપી સહિત અન્ય આર્થિક આંકડાઓના કારણે વિપક્ષની ટીકાઓ સહન કરેલા નરેન્દ્ર મોદીની સામે એક નવી મુશ્કેલી ઉભી થઈ ગઈ છે. જો કે, *સેન્ટર ફોર માનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી*ના હાલના રીપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે દેશમાં બેરોજગારીનો દર ૩ વર્ષના ઉચ્ચતમ સ્તર પર છે. રીપોર્ટ એ પણ કહે છે કે લોકો રોજગારની તપાસ કરી રહ્યા છે. પરંતુ તેને નિરાશા હાથ લગી છે.

રીપોર્ટના જણાવ્યા મુજબ ઓગષ્ટમાં બેરોજગારીનો દર ૮.૪ ટકા રહ્યો, જે ત્રણ વર્ષના ઉચ્ચતમ સ્તર આંકડા આ સ્તર પર પહોંચ્યા હતા. રીપોર્ટમાં ઓગષ્ટનો સાપ્તાહિક બેરોજગારી દરના આંકડા પણ જણાવામાં આવ્યા છે તેના જણાવ્યા મુજબ મહીનાના દર સપ્તાહમાં બેરોજગારીનો દર ૮ થી ૯ ટકા વચ્ચે રહ્યો છે.



આ અગાઉ એક મહિલા પહેલા જુલાઈમાં સાપ્તાહિક બેરોજગારી દર ૭ થી ૮ ટકા વચ્ચે રહ્યો હતો. તે અંગે ઓગષ્ટ મહીનામાં દર સપ્તાહે બેરોજગારી ૧ ટકા વધી છે. રીપોર્ટમાં વધુમાં જણાવવામાં આવ્યુ છે કે ઓગષ્ટ મહીનામાં શહેરી બેરોજગારી દરમાં ૯.૬ ટકા પર હતો. જયારે ગ્રામ્ય વિસ્તારોમાં બેરોજગારીનો આંકડો ૭.૮ ટકા પર પહોંચી ગયો હતો.

બીજી બાજુ ઓગષ્ટ

અનુસંધાન પાના - ૭ પર

## કાશ્મીર ખીણમાં ફોન સેવા ચાલુ કરાઈ

શ્રીનગર,તા.૫

જમ્મુ કશ્મીરનો ખાસ દરજ્જો પાંચમી ઑગસ્ટે રદ કરાયો ત્યારે સમગ્ર જમ્મુ કશ્મીરની ફોન સેવા અને ઈન્ટનેટ સેવા બંધ કરી દેવામાં આવી હતી. બુધવારે મધરાતથી કશ્મીર ખીણ વિસ્તારમાં ફોન સેવા ફરી ચાલુ થઈ હતી. સેંકડો ફોન ફરી રણકતાં થયા હતા. શ્રીનગરના ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટે કહ્યું હતું કે થોડા દિવસમાં મોબાઈલ ફોન સેવા પણ ચાલુ કરી દેવામાં આવશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225